આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૧૯-૦૮-૨૦૨૪ સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## કેન્દ્રીય નાણામંત્રી-જાહેર ક્ષેત્રની બેઠકોની સમીક્ષા બેઠક

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે, આજે  નવી દિલ્હીમાં જાહેર ક્ષેત્રની બેંકો (પીએસબી)ની સમીક્ષા બેઠક યોજી હતી. નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં, પીએસબીના વડાઓ સાથે નાણાં મંત્રાલયના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી.

નાણા મંત્રાલયે  જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સમીક્ષા બેઠકમાં  જાહેર ક્ષેત્રની બેંકોની કામગીરીની વિવિધ માપદંડો પર સમીક્ષા કરવામાં આવી હતી.

**(DD News/કલ્પના શાહ)**

------------------------------------------------------------------------

## PM-મંકીપોક્સની સ્થિતિ પર નજર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ડબ્લ્યુએચઓ દ્વારા જાહેર કરાયેલી પબ્લિક હેલ્થ ઈમર્જન્સી ઓફ ઈન્ટરનેશનલ કન્સર્નને ધ્યાનમાં રાખીને મંકીપોક્સની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે, પ્રધાનમંત્રીના અગ્ર સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ મંકીપોક્સની સજ્જતાની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી અને ત્વરિત તપાસ માટે વિસ્તૃત દેખરેખ રાખવાની સલાહ આપી હતી.આ રોગ સામે નિવારણાત્મક જાહેર આરોગ્યલક્ષી પગલાં અંગે જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે તેમ જણાવાયુ છે.

**(DD News/કલ્પના શાહ)**

------------------------------------------------------------------------

## PM-સંસ્કૃત દિવસ નિમિતે શુભેચ્છા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ સંસ્કૃત દિવસ નિમિત્તે દરેકને શુભેચ્છા પાઠવી છે. તેમણે સંસ્કૃત ભાષાના પ્રચાર માટે જેઓ પ્રયાસો હાથ ધરી રહ્યા છે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

**(PIB / કલ્પના શાહ)**

---

## શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ-2024

રાજ્ય સરકાર 28 શિક્ષકને "શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ 2024"થી સન્માનિત કરશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ યોજના અંતર્ગત આ વર્ષે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનાં ત્રણ એચ ટાટ એટલે કે, મુખ્યશિક્ષક, પ્રાથમિક વિભાગના 14 શિક્ષક, માધ્યમિક શિક્ષણ વિભાગના 6, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના 4 આચાર્ય તેમ જ એક BRC સહ-સંયોજક એમ મળીને કુલ 28 શિક્ષકને 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડથી સન્માનિત કરાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ આપવાની યોજના વર્ષ 2022થી અમલી બનાવવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## CM-રક્ષાબંધન પર્વની ઉજવણી

આજે ભાઇ બહેનના અપાર અને નિઃસ્વાર્થ સ્નેહનુ પર્વ રક્ષાબંધન ઉત્સાહ અને ઉમંગ અને આદરભાવ સાથે ઉજવાઇ રહ્યું છે. ગાંધીનગરમાં રક્ષાબંધન પર્વની મુખ્યમંત્રી નિવાસ સ્થાને ઉજવણી કરવામાં આવી હતી. ભાજપની મહિલા

મોરચાની બહેનોએ મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચીને મુખ્યમંત્રીને રક્ષાસૂત્ર બાંધ્યું હતું.

આ અવસરે અમદાવાદની એક  શાળાના બાળકોએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોક લખેલી ૧૪૦ ફૂટની વિશાળ રાખડી મુખ્યમંત્રીને અર્પણ કરી હતી.

**(RNU અમદાવાદ)**

---

## ઠેર-ઠેર નવુ યજ્ઞોપવિત  ધારણ કરવાના કાર્યક્રમો

આજે શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે નવા યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો.. સવારથી જ વિવિધ બ્રાહ્મણ સંગઠનો દ્વારા નદી કિનારા અને મંદિરોમાં નવુ યજ્ઞોપવિત ધારણ કરાયું હતું.. ગાયત્રી મંત્ર અને વૈદિક મંત્રોના ઉચ્ચારણ સાથે પરંપરાગત રીતે આ કાર્યક્રમ યોજાયા હતા.

આ ઉપરાંત આજના દિવસે દરિયાદેવની પણ પૂજા કરવાની પરંપરા છે. સાગરખેડૂઓ દ્વારા શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે વલસાડ, નવસારી, દિવ દમણ અને સૌરાષ્ટ્ર તેમજ કચ્છના દરિયાકિનારા ઉપર દરિયાદેવનું પરંપરાગત રીતે પૂજન કર્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

## જિલ્લામાં વરસાદ અને ડેમોની સ્થિતિ

આ વર્ષે કચ્છમાં 86 ટકા જેટલો વરસાદ  થયો હોવા છતાં વિશાળ વિસ્તાર ધરાવતા જિલ્લાના ચાર તાલુકા એવા છે કે, જેમાં તુલનાત્મક રીતે ઓછી મેઘમહેર વરસી છે. તેવા  તાલુકાઓમાં ક્યાંક  હજુ પૂરતા પ્રમાણમાં વાવણી પણ ન થઈ શકી હોવાથી ખેડૂતોની સાથે પશુપાલકો  ચિંતામાં મુકાયા છે. હવામાન નિષ્ણાતોના મતે  હજુ ચોમાસાના બે માસ બાકી હોતાં આ વિસ્તારમાં વરસાદની જોવા મળતી ઘટ પૂરાઈ જાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે.

દરમ્યાન જીલ્લામાં મધ્યમ સિંચાઈના 20 ડેમમાં 51 ટકા જેટલો જ પાણીનો સંગ્રહ થયો છે. 20માંથી 6 ડેમ ઓગન્યા છે. જયારે મધ્યમ સિંચાઈના સૌથી મોટા રૂદ્રમાતા ડેમમાં 11 ટકા, કાસવતીમાં 7 ટકા, સુવઈ ડેમમાં 29 ટકા અને ફતેગઢમાં 25 ટકા પાણીનો જથ્થો જ બચ્યો છે.

દરમ્યાન આવતા સપ્તાહે બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં સર્જાનારી સિસ્ટમ હેઠળ જિલ્લામાં હળવો વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**(કલ્પના શાહ/NP)**

---

# શ્રાવણી સોમવાર અને શ્રાવણી પુનમે ભાવિકો ઉમટ્યા

આજે શ્રાવણનો ત્રીજો સોમવાર અને શ્રાવણી પૂર્ણિમાના તહેવારનો સુભગ સમન્વય થતાં સોમનાથ તીર્થમાં મોટી સંખ્યામાં ભાવિકોનો ઉમટી રહ્યા છે. આ પ્રસંગે સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પાલખીયાત્રા યોજવામાં આવી હતી.

દરમિયાન, યાત્રાધામ દ્વારકામાં પણ આજે ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા છે. અહીંનાં પવિત્ર ગોમતી ઘાટ પર ભૂદેવોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞોપવિત બદલી હતી.

આ સાથે આજે 43 દિવસથી ચાલતી અમરનાથ યાત્રાની પૂર્ણાહૂતિ થઇ છે.. સત્તાવાર આંકડા પ્રમાણે, આ વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધુ પાંચ લાખથી વધારે શ્રધ્ધાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા છે.

**(RNU અમદાવાદ)**

---

RNU